ફોજદારી કેસ નં.૭૨૬૯/૨૦૨૧

## આંક ૧ લગત હુકમ

૧. આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટ કલમ ૬૫ઇ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આંક ૦૧ થી રજુ ચાર્જશીટની વિગતો, ફરીયાદ હકીકત તથા મુદામાલ પાવતી વંચાણે લેતા આ કામે ૨૦ લીટરથી ઓછો દારુ કબજે કરવામાં આવેલ હોવાનુ કથન કરવામાં આવેલ છે. હાલનો ગુનો ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ ૨૦૧૭ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ નોધણી થયેલ છે ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક : જીજી/૧૦૩/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઇ-૧ : ગુજરાત નશાબંધી અધિનીયમ, ૧૯૪૯ (૧૯૪૯નો ૨૫મો) ની કલમ ૬૫(કક) થી મળેલ સત્તા રૂએ કેફી પર્દાથના જથ્થા માટે ૨૦ લીટર નિદિષ્ટ કરવામાં આવેલ છે. આમ ગુજરાત પ્રોહીબીશન એકટમાં થયેલ સુધારા બાદ તા.૦૬/૧૧/૨૦૧૯ બાદ જો કોઇ ગુનો આ કાયદા હેઠળ નોધણી થયેલ હોય અને દારુનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો હોય તો સદર આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો ગુનો બને છે. હાલના ગુનામાં કબજે કરવામાં આવેલ દારુનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો હોય જેથી હાલના કામે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ ઇ નો ગુનો નહી બનતો હોવાનુ અને આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો ગુનો બનતો હોવાનુ ફલીત થાય છે. ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૨૨ ની પેટા કલમ ૨ માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર જયારે કોઇ વ્યકિત પર કોઇ ગુનાનુ તહોમત હોય અને તે ગુનાને નાનો બનાવે એવી હકીકતો પુરવાર થાય તો તેના પર નાના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ ન હોય તો પણ તેને તે બદલ સજા કરી શકાય.

૩. આરોપી હાજર થતા સદરહુ ગુનો કબુલ કરી ગરીબ તથા કુંટુબ ધરાવતા હોવાનુ જણાવે છે.આરોપી સદરહુ ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેરિછક જણાઇ આવે છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટે નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં ઠરાવેલ છે કે, જો સંજોગો હોય તો માન્ય સજાના

ધોરણ કરતા પણ મામુલી સજા કરવા કોર્ટ સક્ષમ છે. આમ, આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઇ અંગેના નામદાર ગુજરાત હાઇકોર્ટનો નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાતોને ધ્યાનમાં લઇ તથા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો લક્ષે લેતા તથા ગુનાનો પ્રકાર અને સ્વરૂપ લક્ષે લેતા આ કામે દંડ કરવો ન્યાયોચીત જણાય છે. ઉપરોકત પેરા નં. ૨ માં ચર્ચા કરી તે અનુસાર આ કામે કબજે કરવામાં આવેલ દારુનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો હોય જેથી આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫એએ મુજબનો ગુનો પુરવાર થયેલ છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા તથા આરોપીએ ગુનાની સ્વૈરછીક કબુલાત કરેલ હોય આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ.**

- આ કામના આરોપી પીન્કીબેન મુકેશભાઇ દંતાણી, રહે, મલાવ, તળાવનાં છાપરા, થલતેજ, અમદાવાદનાને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૪૮ અન્વયે પ્રોહી. એકટ કલમ ૬૬(૧)બી, ૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દિન. ૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરુ છુ.

- મુદામાલ દારૂ નાશપાત્ર હોય અપીલ પીરયડબાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

તા.૦૯/૦૯/૨૦૨૩ પાંચમાં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ(રૂરલ)

જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭